અપીલ અરજી નં.૩૦૬ તા.૨૮–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ –શ્રીમતી ફાલ્ગુની કમલકાંત જરીવાલા
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતી ફાલ્ગુની કમલકાંત જરીવાલાની તા.૨૪–૧૧–૧૦ ની અરજીથી ફાયનલ પ્લોટ નં.૧૨૬ પૈકી પ્લોટ નં.૬૧નહેરૂનગર સોસા., પીપલોદરોડ, સુરત નો સાલ ૧૯૯૬ થી ૧૯૯૮ સુધીમાં પાણીની લાઈનનું જોડાણ આપવામાં આવેલ છે તે કાયદેસર છે કે ગેરકાયદેસર તે તથા પાણીની લાઈનનું જોડાણ મેળવવા માટે કરાયેલ અરજી તથા અરજી સાથે રજૂ થયેલ તમામે તમામ પુરાવાઓ તથા અરજીની મંજુરી સહિત આખી ફાઈલની સહી સિકકાવાળી નકલો મેળવવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૮–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૩૦૬/૨૦૧૦–૧૧

શ્રીમતી ફાલ્ગુની કમલકાંત જરીવાલાની તા.૨૪–૧૧–૧૦ નીઅરજીથી ફાયનલ પ્લોટ નં.૧૨૬ પૈકી પ્લોટ નં.૬૧ નહેરૂનગર સોસા., નહેરૂનગર સોસા., પીપલોદરોડ, સુરત નો સાલ ૧૯૯૬ થી ૧૯૯૮ સુધીમાં પાણીની લાઈનનું જોડાણ આપવામાં આવેલ છે તે કાયદેસર છે કે ગેરકાયદેસર તે તથા પાણીની લાઈનનું જોડાણ મેળવવા માટે કરાયેલ અરજી તથા અરજી સાથે રજૂ થયેલ તમામે તમામ પુરાવાઓ તથા અરજીની મંજુરી સહિત આખી ફાઈલની સહી સિકકાવાળી નકલો મેળવવા બાબતે કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૩૧ તા.૪–૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.વે.ઝોન.અઠવા/આરટીઆઈ/આ.નં૧૧૮૨ તા.૧૧–૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેના પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૧૧૫૩ તા.૧–૧–૧૧ ના પત્રની નકલ તથા તેના એકનોલેજમેન્ટ સ્લીપની નકલ સામેલ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૫–૧–૧૧ ના પત્રથી અપીલ તબકકે પુનઃ રજૂઆત કરેલ છે જે બાબતે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૩૧ તા.૧૯–૧–૧૧ થી પૂરક વિગતો માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અન્ય પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.અરજદારની તા.૨૪–૧૧–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રતિભાવ નહીં મળવાથી તા.૨૮–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે બાબતે પૂરક વિગતોમાં અરજદારને પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૧૫૩ તા. ૧–૧–૧૧ થી અરજદારને " માંગવામાં આવેલી માહિતી અન્વયે અઠવાઝોનના રેકર્ડની ચકાસણી કરતાં તા.૧–૩–૯૮ થી બંગલા નં.૬૧/એ માં પાણીનું નળ કનેકશન જણાય આવેલ છે જે અઠવાઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં કાયદેસર છે. " તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૫–૧–૧૧ ના રોજ આપેલ માહિતી અસંતોષકારક અને અપૂરતી હોવાનું જણાવી અપીલ તબકકે પુનઃ રજૂઆત કરેલ છે. જેમાં અરજદારે સદર મિલ્કતમાં ૧૯૯૬ થી ૧૯૯૮ સુધીમાં પાણીની લાઈનનું જોડાણ આપવામાં આવેલ અને જોડાણ લેતી વખતે અરજદાર ધ્વારા કરવામાં આવેલ અરજી તથા અરજી સાથેના તમામ પુરાવાઓ તથા અરજદારની મંજુરી સહિત આખી ફાઈલની સહી સિકકાવાળી નકલો તથા પાણીની લાઈનનું જોડાણ કાયદેસર છે કે ગરેકાયદેસર તેની માહિતી માંગેલ. વધુમાં અરજદારે અપૂરતી માહિતી બાબતે સાઉથ વેસ્ટઝોનના પાણી ખાતામાં તપાસ કરતાં વેરાબીલમાં વોટર ચાર્જ હોય તો પાણીનું જોડાણ કાયદેસર રીતે લીધેલ ગણાય જે બંગલા નં.૬૧/એ માં જણાય આવે છે અને જે જાહેર માહિતી અધિકારીએ અરજદારને પૂરી પાડેલ છે. જેમાં અરજદારે બંગલા નં.૬૧/બી માં વોટર ટેક્ષ હોય જેના કોઈ પુરાવા કચેરીમાં હાલ મળતા નથી તેથી બંને પાણીની લાઈનના જોડાણ વખતે રજૂ થયેલ પુરાવાઓ કચેરીમાં મળતા નથી તે પુરાવાઓની માંગણી કરેલ છે. સાથે અરજદારે ૬૧/બીનું વેરાબીલ બતાવેલ તેમાં વોટર ચાર્જ લખવામાં આવેલ છે અર્થાત તેનું કનેકશન પણ કાયદેસરનું ગણી શકાય. પરંતુ અરજદારને બંને જોડાણોના અરજી અંગેના પુરાવાઓની રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારે સદર અપીલની નકલ મંત્રીશ્રી સામાજીક ન્યાયઅધિકારિતા ગાંધીનગરને નકલ આપવામાં આવેલ. જેના અનુસંધાને તેઓશ્રીના અંગત સચિવના પત્ર જન/૩૬૭/૧૧ તા.૨૦–૧–૧૧ થી સુરત મહાનગરપાલિકાને ઘટતી કાર્યવાહી માટે રવાના કરેલ. જે જી–સંકલન–૧૮૮૭ તા.૨૪–૧–૧૧ થી અત્રે મળેલ છે. જે અંગે અગ્રતાના ધોરણે કાર્યવાહી હાથ ધરી નાગરિકને તેઓની જાણ હેઠળ પ્રત્યુત્તર પાઠવવા જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને ૬૧ / બી ના જોડાણની કાયદેસરતા અને ૬૧/એ–બી બંને જોડાણોની અરજી સમયેના પુરાવાની માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી.

જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુળ અરજી અને મંજુરીના તમામ કાગળોની નકલો નહીં પૂરી પાડવા અંગે કોઈ કારણ જણાવેલ નથી. પરંતુ અરજદારની પૂરક રજૂઆતમાં કાગળો મળતા નથી તેવું અરજદારે જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સદર દફતરના નાશ કે નિકાલની કોઈ વિગતો પણ અરજદારને પ્રત્યુત્તરમાં કે અપીલ તબકકે પૂરક વિગતોમાં જણાવેલ નથી. અત્રે એ પણ સૂચક છે કે અરજદાર સ્વયંના પાણી જોડાણની કરેલ અરજી અને બિડાણની વિગતો માંગેલ છે. જે તેમની કક્ષાએ હોવાનું અનુમાનિત થાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારીઓ તરફથી નહીં પૂરી પડાયેલી પાણી જોડાણની અરજી સાધનિક કાગળો તથા મંજુરીના કાગળોની નકલો બાબતે જરૂર જણાયે પાણી જોડાણ સબંધિત સમયની ફાઈલોની દફતરી તપાસણી પૂરી પાડી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા અગર વિકલ્પે તેવા દફતરના નાશ કે નિકાલની વિગતોની અરજદારને અવગત કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી ફાલ્ગુની કમલકાંત જરીવાલા,